
# કર્મોપાસન માર્ગ • સિદ્ધાંત-વિશ્લેષણ

(શ્રીગુરુલીલામૃત પ્રતિપાદિત)




લેખક

શાસ્ત્રી જયેન્દ્ર દવે

દત્તાજી ! મૈં તો તેરો હિ એક ગુલામ. ધ્રુ૦

ઔર ન જાનું ઔર ન માનું,
તેરો હિ ગાવત નામ ! દત્તાજી ૦ ૧

કાસી મથુરા કાયકો દૌરૂં,
તેરો હિ પદ પર ધામ ! દત્તાજી ૦ ૨

રાખે તૂ વૈસો હિ રહું મૈં,
ઔર નહિ ઉર કામ ! દત્તાજી ૦ ૩

રંગ સરન તેરો હિ ચરન હૈ,
ઔર ન ઠેરન ઠામ ! દત્તાજી ૦ ૪

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
આસો વદ પાંચમ, ૨૦૬૩.
મંગળવાર, તા. ૩૦-૧૦-૨૦૦૭.

**શ્રીગુરુલીલામૃત અમૃતવર્ષ સમાપ્તિ પર્વ**

પ્રત : ૭૫૦

**દસ રૂપિયા**

# આશીર્વચન

## ૐ

શ્રી ગુરુમહારાજને જે કાર્ય જેની પાસે કરાવવું હોય તે કરાવી જ લે છે. આવો મૌલિક વિચાર વિદ્વવન્મણી ભક્ત હૃદય ને નમ્ર એવા શ્રી જયેન્દ્રભાઈ શાસ્ત્રીને આવ્યો અને તે પણ શ્રી ગુરુલીલામૃતની રચનાના ૭૫મા ઉત્સવવર્ષ સમયે જ તે જ તેમણે કરેલાં પારાયણોની ફલશ્રુતિ અને ગુરુમહારાજની અમોઘ કૃપા જ કહી શકાય. લાખો મણીમાંથી પારસમણી જેમ હાથ લાગે તેવું આ કામ કહી શકાય. તેઓશ્રીએ સ્વામી મહારાજના અને દત્ત પરંપરાના ઘણાં સાહિત્યનું વિવરણ કરેલું છે; પણ આ તો કોઈને કલ્પના પણ ન આવે તેવા દોહરાઓને કર્મોપાસના તરીકે જે વિશદ અને ઉપાસનીય રીતે રજૂ કર્યા છે તે સર્વ માટે આદર કરવા લાયક, પ્રશંસા કરવા લાયક અને ઉપાસના કરવા લાયક છે. તેઓ આવા પારસમણી શોધી શોધીને પરિવારને આપતા રહે તેવું વાંછવું રહ્યું. ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ તેઓશ્રી પર વરસતા જ રહે તેવી ગુરુમહારાજને પ્રાર્થના સહ મનીષા.

તા. ૨૦/૧૦/૨૦૦૭ — લિ.

અવધૂત કુટીર, લીંચ — ‘પ્રેમ’

# પ્રાક્કથન

પ્રસ્તુત નાની પુસ્તિકા લખવાનો યોગ પૂજ્ય શ્રી બાપજીની કૃપાથી અનાયાસે જ બન્યો. ગાંધીનગરના શ્રી દત્તમંદિરમાં આયોજિત સમૂહ પારાયણમાં ઉપાસનાકાંડના અધ્યાયો વિશે તૈયારી કરવા જતાં આ વિષય પર ધ્યાન કેન્દ્રિત થયું. પછી તેને લેખન સ્વરૂપ આપવા માટેના ગુરુભક્ત માનનીય પ્રા. શ્રી કુલીનભાઇના તાકીદ પૂર્વકના આગ્રહથી આ લેખન ખૂબ ટૂંકા સમયમાં તૈયાર થઈ શક્યું તે ગુરુમહારાજશ્રીની કૃપા!

આ લેખનને પૂજ્ય શ્રી પ્રેમ અવધૂત બાપુજીના આશીર્વચન પ્રાપ્ત થયાં અને તે પણ તત્કાલ, એ એમના પ્રેમનું પ્રતીક અને મારું સદ્ભાગ્ય છે.

આ લેખન અલબત્ત પૂર્ણ નથી તેમાં હજી સુધારા વધારાને અવકાશ છે તે યથાસમયે ગુરુમહારાજશ્રીની કૃપાથી પૂર્ણ થશે એવી શ્રદ્ધા સાથે વિરમું.

વિનીત

**શાસ્ત્રી જયેન્દ્ર દવે**

વલ્લભવિદ્યાનગર
આશ્વિન શુ. ૦૯
૨૦/૧૦/૨૦૦૭

## ઉર ઊર્મિ

શ્રીગુરુલીલામૃતના અમૃતવર્ષ મહોત્સવ નિમિત્તે અનેક સ્થળે પારાયણો થયાં. ગાંધીનગર શ્રીદત્તમંદિરમાં શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે એ ઉપાસનાકાંડના કેટલાક અધ્યાયો સમજાવતા એમના પ્રવચનમાં કર્મોપાસન માર્ગના કેટલાક સિદ્ધાંતો દર્શાવ્યા.

શ્રીગુરુલીલામૃતની આ વિશિષ્ટ રજુઆત બધાને આકર્ષી ગઇ. આ પ્રવચનથી પ્રભાવિત થયેલા શ્રોતાગણોને એવો ભાવ જાગ્યો કે આ અને બાકીના સિદ્ધાંતો અને એનું વિશ્લેષણ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય તો પ્રશંસનીય ગણાશે.

આ ભાવને ધ્યાનમાં રાખીને મેં કરેલી વિનંતીનો એમણે સહર્ષ સ્વીકાર કર્યો એ બદલ હું એમનો આભારી છું.

આવી વિનંતી કરતા પહેલાં પૂ. પ્રેમ અવધૂતજીને આ વાત કરી હતી જેનો એમણે આનંદપૂર્વક સ્વીકાર કર્યો હતો અને પુસ્તકરૂપે પ્રકાશિત થાય તો સારુ એવી અનુમતિ આપી હતી.

પ.પૂ. રંગ અવધૂતજીની કૃપાથી, પૂ. પ્રેમ અવધૂતજીના શુભાશીર્વાદથી અને ભક્તોના ભાવની પ્રેરણાથી આ પુસ્તક

શ્રીગુરુલીલામૃત અમૃત મહોત્સવ સમાપ્તિ પર્વના ટાણે પ્રકાશિત થઈ રહ્યું છે એને હું મારું અહોભાગ્ય સમજું છું.

વાચકોને આ પુસ્તક ગમશે એવી શ્રદ્ધા. ડૉ. ઇન્દુભાઇ દવેએ આ પુસ્તક પારાયણાર્થી અને અન્યને ભેટ આપીને મને સહાયરૂપ થવાનો પ્રયત્ન કર્યો એની કદર કરું છું.

પ.પૂ. બાપજીના ચરણોમાં અનેકાનેક પ્રણામ કરીને વિરમું છું.

• **કુલીન ઉપાધ્યાય**

પ્રેમજયંતી સમિતિ વતી

# (૧)

પૂજનીય શ્રી રંગ અવધૂત મહારાજશ્રી વિરચિત શ્રીગુરુલીલામૃત વરદ-ગ્રંથનો ઉપાસના કાંડ સદ્ગુરુ ભગવાન શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજશ્રીનાં તપઃપૂત જીવન અને અઘટિત-ઘટના પટિયસી લીલાઓનો અનુપમ સંગ્રહ છે.

સમગ્ર ગ્રંથ જ્ઞાન, કર્મ અને ઉપાસના કાંડમાં નિરૂપિત છે. કર્મકાંડના અંત ભાગ અધ્યાય ૧૦૫માં એક બાજુ સદ્ગુરુ ભગવાન શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજશ્રીના લીલા-સંવરણનું આશ્ચર્યકારક વિધાન તથા બીજી બાજુ એમણે જ સ્વસ્વરૂપે શ્રી વાસુદેવાનંદ સરસ્વતીના નામે આ ધરા પર અવતાર ધારણ કર્યો તેનો નિર્દેશ છેઃ-

કર્મોપાસનમાર્ગનું રહસ્ય સુગૂઢ જેહ।
કરવા પ્રસ્થાપિત તથા પુનઃ અવતરે એહ ॥૮૨॥

અર્થાત અહીં આ દોહરા દ્વારા પૂજનીય સ્વામી મહારાજશ્રી સ્વરૂપે જે ભગવાન દત્તાત્રેય પૂર્વે અત્રિ-અનસૂયાના ભાવથી રીઝીને શ્રી દત્તાત્રેય સ્વરૂપે અવતર્યા હતા, વળી, કલિયુગમાં પ્રથમ વિપ્રદંપતી રાજા-સુમતિના ભાવથી શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે, વળી પુનઃ એવા જ

વિપ્રદંપતીના ભાવથી રીઝી શ્રી નરસિંહ સ્વરૂપે અવતર્યા હતા તે જ ભગવાન શ્રી દત્તાત્રેય પુનઃ પુણ્યશ્લોક શ્રી અત્રિવંશમાં અવતર્યા, એ વાતના સંદર્ભમાં તેમના અવતાર પ્રયોજનનો નિર્દેશ મહત્ત્વપૂર્ણ છે.

## (૧.૧)

કથાના આ સંદર્ભમાં એમના અવતારના પ્રયોજનનો નિર્દેશ કર્યો છેઃ શા માટે અવતર્યા? કર્મોપાસન માર્ગનું સુગૂઢ રહસ્ય પ્રસ્થાપિત કરવા માટે અવતર્યા. સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયના અવતાર પ્રયોજનનો આવો ગૂઢ અને છતાંય સ્પષ્ટ સંકેત નથી તો જ્ઞાનકાંડમાં જોવા મળતો કે નથી કર્મકાંડમાં જોવા મળતો. આમ છતાંય અવતાર પ્રયોજન નિર્દેશથી એવું સમજવાને કારણ મળી રહે છે કે, પ્રસ્તુત શ્રીગુરુલીલામૃત ગ્રંથ માત્ર સ્મૃતિગ્રંથ નથી.

●

## (૨)

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે શ્રી અવધૂતજીએ-

(ક) જ્ઞાનકાંડની રચના સ્વામી મહારાજશ્રી વિરચિત શ્રીદત્તપુરાણના આધારે કરી.

(ખ) કર્મકાંડની રચના પૂજનીય શ્રી સરસ્વતી ગંગાધર વિરચિત વરદ ગ્રંથ શ્રીગુરુચરિતના આધારે કરી.

(ગ) ઉપાસના કાંડની રચના પૂજનીય શ્રી યોગાનંદ સરસ્વતી (શ્રી ગાંડા મહારાજ) વિરચિત બે ગ્રંથ: ૧. શ્રીગુરુમૂર્તિચરિત અને

૨. શ્રી ગુરુ બ્ર.પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી ચરિત્રના આધારે કરી.

એટલે કે શ્રી દત્તાત્રેય વિચારધારાનો ગુજરાતીમાં નિબદ્ધ થયેલો આ સ્મૃતિ ગ્રંથ છે. આ માન્યતા હવે બદલીને આ ગ્રંથનું પુન: મુલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે.

## (૨.૧)

શ્રીગુરુલીલામૃત ભગવાન શ્રી દત્તાત્રેય અને એમના કાલાંતરે થયેલા અવતારોની અલૌકિક લીલાઓનો રસાળ શૈલીમાં ગુણાનુવાદ કરનારો સ્મૃતિગ્રંથ નથી. એ તો, ઉક્ત ઉલ્લેખ પ્રમાણે કર્મોપાસન જેવા માર્ગોનું પ્રસ્થાપન કરનારો "માર્ગ પ્રસ્થાપક" સંહિતાગ્રંથ છે. તો પ્રશ્ન એ થાય કે પ્રસ્તુત ગ્રંથમાં કયા કયા માર્ગોની પ્રસ્થાપના ઈષ્ટ છે?

માર્ગો આ પ્રમાણે છે:

૧. જ્ઞાન માર્ગ: એક એવો માર્ગ જે માર્ગે જનારને માટે જ્ઞાન જ સર્વોપરી છે. એટલે કે -

૧. પ્રજ્ઞાનં બ્રહ્મ- જ્ઞાન = બ્રહ્મ. જ્ઞાન એ જ બ્રહ્મ અને બ્રહ્મ એ જ જ્ઞાન.

૨. કર્મ માર્ગ: એક એવો માર્ગ જે માર્ગે જનારને માટે કર્મ જ સર્વોપરી.

૩. જ્ઞાન-કર્મ સમુચ્ચય માર્ગ: એક એવો માર્ગ જે માર્ગે જનારને માટે નર્યું જ્ઞાન પણ નહીં અને નર્યું કર્મ પણ નહીં, પરંતુ ઉભયના સમુચ્ચયથી મોક્ષની પ્રાપ્તિ.

૪. ઉપાસના માર્ગ અથવા ભક્તિ માર્ગ: એક એવો માર્ગ જે માર્ગે જનારને માટે જ્ઞાન તો નહીં જ, કર્મ પણ નહીં, પરંતુ માત્ર ભક્તિ ઉપાસના જ સર્વોપરી.

૫. જ્ઞાનોત્તર ભક્તિ માર્ગ: એક એવો માર્ગ જે માર્ગે જનારને માટે જ્ઞાનની સાધના દ્વારા પરમતત્ત્વની અપરોક્ષાનુભૂતિ થઇ ગયા પછી એ પરમતત્ત્વને સમર્પિત થઇ જવાનું રહે. એમાં કર્મ ગૌણ છે.

૬. કર્મોપાસન માર્ગ: એક એવો માર્ગ જેનું યથાશક્તિ યથામતિ અહીં સંક્ષેપમાં વિશ્લેષણ કરવાનો ઉપક્રમ છે.

અહીં છ માર્ગોનો માત્ર- નામ માત્ર ઉલ્લેખ કર્યો છે. આ માર્ગ છે. એટલે કે દરેક માર્ગના સિદ્ધાંત, તેમાં આવતી સંકલ્પનાઓ (Concepts), તેમાં રહેલાં ગૃહીત (Assumptions) અથવા પૂર્વધારણાઓ, તેમાં રહેલી

ઉત્કલ્પનાઓ (Hypothesis) અને સિદ્ધાંતીકરણ (Theorizations) છે. આ બધું જ શ્રીગુરુલીલામૃત નામના ગ્રંથમાં છે.

●

## (૩)

સંસ્કૃતમાં માર્ગ શબ્દ વિશિષ્ટ છે. આમ તો રૂઢ અર્થમાં માર્ગ એટલે રસ્તો, પરંતુ સંસ્કૃતમાં મૂળ ધાતુ- માર્ગ્ અથવા મૃગ્ + ઘઞ્ ધાતુ પરથી નિષ્પન્ન થયેલો આ શબ્દ એટલે:-

૧. માર્ગ્યતે- સંસ્ક્રિયતે પાદેન = પગથી ચાલી ચાલીને જેનો સંસ્કાર કરવામાં આવે તે.

ગમનાય અન્વિષ્યતે ઈતિ = જવા-ચાલવા માટે જેનું અન્વેષણ- શોધ કરવામાં આવે તે.

આમ, માર્ગ એ જવાની ઇચ્છા ધરાવનારને માટે શોધનો વિષય છે. તેથી જ ગીતામાં કહ્યું છે:

"તતઃ પદં તત્ પરિમાર્ગીતવ્યમ્"- પછી તત્ પદ શોધવું.

આ 'તત્' પદની શોધ એ ઉક્ત છ એ છ માર્ગની કેન્દ્રવર્તી વિચારસરણી છે. સાધક ઉક્ત છમાંથી ગમે તે માર્ગે

જાય એણે જવાનું તો 'તત્' પદ સુધી જ છે. 'તત્' પદ આગળ પહોંચતાં જ બધા જ માર્ગોનો અંત આવી જાય છે. તેથી જ મહિમ્નસ્તોત્રમાં કહ્યું છે- "રુચીનાં વૈચિત્ર્યાદ્..." અર્થાત રુચિના વિચિત્રપણાથી સરલ અને વાંકા એવા જુદા જુદા માર્ગમાં જનારને તું જ એક માત્ર ગમ્ય- પામવા યોગ્ય છે.

## (૩.૧)

કર્મોપાસન માર્ગ એટલે એવો માર્ગ જે માર્ગે જનાર સાધક કર્મ અને ઉપાસના ઉભયનું એ રીતે સામંજસ્ય સાધવા મથે જેને પરિણામે તેને પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપ ભગવાન શ્રી દત્તાત્રેયનો અપરોક્ષ અનુભવ થાય. આ એનો સામાન્ય વાચ્યાર્થ થયો. આ સમુચ્ચયને કર્મ-ઉપાસનાના સમુચ્ચયને ઈશાવાસ્ય પ્રતિપાદિત જ્ઞાન-કર્મ સમુચ્ચયની સાથે સરખાવવાનું તથા તે બેની વચ્ચેના સાધક-બાધક તફાવતનું નિરૂપણ કરવાનું આપણે અહીં હાલ પૂરતું મોકૂફ રાખીએ છીએ, કારણ કે એ વાત જ્ઞાન અને કર્મની નોખી ચર્ચા કર્યા વિના સ્પષ્ટ કરી શકાય તેમ નથી.

●

# (૪)

અધ્યાય ૧૦૬ વસ્તુત: "શ્રી વાસુદેવાનંદ સરસ્વતી" સ્વરૂપ અવતરણની કથા કહેતો અધ્યાય છે, પરંતુ તત્ત્વત: જે કર્મોપાસન માર્ગનું પ્રતિપાદન ઈષ્ટ છે તેનો ઉપોદ્‌ઘાત છે. અહીં અવતારની તથ્યાત્મક વાત કરતાં બે બાબતો નોંધનીય છે:-

૧. કર્મોપાસન માર્ગનું મૂળ ગૃહીત છે: હું = કાષ્ઠ નર્તકી, અને તું = સૂત્રધાર; અર્થાત ગુરુ અને શિષ્યનો સંબંધ કાર્ય-કારણનો નથી કે નથી માટી ઘડાનો સંબંધ. ભક્તરૂપ સૃષ્ટિ છે-

કાર્ય છે માટે કોઈક ભગવાન કે ગુરુરૂપ કારણ હશે અથવા આ ઘડો છે એનો અર્થ જ એ કે માટી છે જ; આવો સંબંધ નથી. આ જે સંબંધ છે તે કાષ્ઠ પૂતળી અને એને નચાવનાર સૂત્રધાર વચ્ચેનો સંબંધ છે. પૂજ્યશ્રી અવધૂતજીએ આ ગૃહીત પોતાનાં સકલ નિરૂપણોમાં કેન્દ્રસ્થાને રાખ્યું હોવાનું અન્યત્ર પણ જોઈ શકાય છે:-

સુખ દુ:ખ મનનાં સોણલાં જન્મ-મરણ તનગંધ
બની રમકડું ઈશનું ખેલ રંગ નિર્દ્વંદ્વ!

આ જ વાત ગોસ્વામી તુલસીદાસજીએ કરી છે: "ઉમા દારુ જોષિત કી નાઈ સબહી નચાવત રામ ગોસાંઈ"

અહીંથી, આ ગૃહીતથી કર્મોપાસન માર્ગની શરૂઆત થાય છે. તેથી કહે છે:

**"તું વિણ વાણી પાંગળી** અને **બુદ્ધિ આંધળી".** કારણ કે પરમાત્મ સ્વરૂપ સદ્‌ગુરુ બુદ્ધિ અને વાણીના પ્રેરક છે; માટે એ "જેમ વદાવે" "જેમ ગવાડે" તેમ 'બોલવું' અને તેમ 'ગાવું' એ જ આ સાધકનું કર્મ છે. આ માર્ગના સાધકનું કર્મ નથી તો અહંકાર પર આધારિત કે નથી પ્રારબ્ધ પર આધારિત, એ તો સર્વથા સદ્‌ગુરુ ભગવાનની ઇચ્છા પર એટલું જ નહીં, એના ગમા-અણગમા પર આધારિત છે.

૨. કર્મોપાસન માર્ગના આધારસ્તંભ: ઉક્ત ગૃહીતથી પ્રારંભ કરીને અધ્યાયનો ઉપસંહાર આ માર્ગના આધારસ્તંભના નિર્દેશથી કર્યો છે:

(ક) શ્રવણે ભવભય સહુ ટળે
(ખ) મનને ભ્રાંતિ જાય
(ગ) નિદિધ્યાસને જીવ એ સ્વયં ઇશ થઇ જાય.

શ્રવણ, મનન અને નિદિધ્યાસન તત્ત્વત: જ્ઞાનમાર્ગ, જ્ઞાનયોગનાં ત્રણ પ્રસિદ્ધ સાધનો છે. બૃહદારણ્યકમાં મહામના યાજ્ઞવલ્કય મહારાજશ્રી વાચકનવી ગાર્ગી આદિને પરબ્રહ્મના સાક્ષાત્કારનો જે માર્ગ બતાવ્યો તે આ હતો: "આત્મા વાડરે ગાર્ગી દ્રષ્ટવ્ય: શ્રોતવ્ય: મન્તવ્ય:

નિદિધાસિતવ્ય:" અર્થાત અરે ગાર્ગી તારે એ પરબ્રહ્મને તારા આત્મામાં જ જોવું, સાંભળવું, મનન કરવું જોઇએ અને તેનું નિદિધ્યાસન કરવું જોઇએ.

## (૪.૧)

જ્ઞાન માર્ગનાં આ ત્રણ સાધનો કર્મોપાસન માર્ગના આધારસ્તંભ કઇ રીતે અને શાથી હોઇ શકે? એવી જો શંકા થાય તો તેનું સમાધાન વિચારી શકાય:-

(ક) આ શંકાનું હંગામી (Temporary) સમાધાન એવું છે કે ગુરુ પોતે પરબ્રહ્મનું જ સ્વરૂપ છે- "ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ..." ઇત્યાદિ. એટલે ગુરુ જ્ઞાન સ્વરૂપ હોઇ અને પ્રજ્ઞાન બ્રહ્મ સ્વરૂપ હોઇ, સદ્‌ગુરુનો શ્રવણ-મનન આદિ દ્વારા થતો સાક્ષાત્કાર એ પરમપદની પ્રાપ્તિ જ છે.

(ખ) આ હંગામી સમાધાનને સ્થાયી સમાધાન સ્વરૂપે નિરૂપવા માટે સ્વામી મહારાજશ્રી વિરચિત

૧. **યુવશિક્ષા**માં કહ્યું છે:

* "સગુણ ઉપાસના ક્રમમુક્તિને માટે અને નિર્ગુણ ઉપાસના સદ્યોમુક્તિને માટે છે, નિષ્કામ પુરુષને માટે પ્રથમ નિર્ગુણ ઉપાસના, પછી એ ઉપાસનાથી જ્ઞાન અને જ્ઞાનથી સદ્યોમુક્તિ છે. સકામ મુમુક્ષુ માટે સગુણ ઉપાસના તેના દ્વારા દિવ્ય ભોગ પ્રાપ્તિ, તેના દ્વારા

વૈરાગ્ય અને તેના દ્વારા મુકિત એ ક્રમમુકિતનો પ્રકાર છે.” (શ્લોક ૪૯)

* “નિત્ય આદિ કર્મ કરતાં કરતાં અનાયાસ આ ઉપાસનાઓ થઈ શકે છે. કયાં કર્મનાં કયાં અંગ પર શાસ્ત્રોએ કઈ દૃષ્ટિ બતાવી છે એનો વિચાર કરી એ ઉપાસના કરવામાં આવે જેથી **કર્મ અને ઉપાસના બંને એક સાથે થઈ શકે**.” (શ્લોક ૫૦) અને

૨. **વૃદ્ધશિક્ષા** આખીયે આ શંકાના સમાધાન માટે દૃષ્ટવ્ય છે.

કર્મોપાસન માર્ગના આ ત્રણ આધારસ્તંભ છે.

●

## (૫)

આ માર્ગના કેટલાક સિદ્ધાંતોનું ઉપાસના કાંડમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ સિદ્ધાંતો દરેક સાધકે સમજીને તેને અપનાવવાના છે. અહીં મુખ્ય વાત આ સંસારમાં રહેવાની છે. અહીં હાથમાં સમિધા લઈ બ્રહ્મનિષ્ઠ ગુરુને ઘરે જઈ જ્ઞાનની સાધના કરવાની વાત નથી. અહીં કર્મમય થઈ કર્મકાંડમાં પોતાના ભૌતિક સ્વને ભૂલી જવાની વાત નથી. અહીં જે સિદ્ધાંત છે તેનો પ્રારંભ સાધકના ઘરથી જ થાય છે. અધ્યાય ૧૦૭ના મુખ્ય પાત્ર

ભાસ્કરની પત્ની મરી જતાં એમણે ઉદાસ થઇને હરિસ્મરણમાં રત રહેવાનું સ્વીકાર્યું. આ જ દિવસ સુધી એમણે ઘરમાં ધ્યાન આપ્યું જ ન હતું. હવે, ઘરના રીતરીવાજની યોગ્ય સમયે યોગ્ય તાલીમ ન મળવાને કારણે કજિયાળી- કલહ કરનારી થઇ ગયેલી પુત્રવધુના ત્રાસથી ત્રાસીને ભાસ્કર ચિત્ત સ્થૈર્યાર્થે વનમાં ગયા. આ કથાનો તંતુ છે. આ આખી કથામાંથી કર્મોપાસન માર્ગનો સિદ્ધાંત ફલિત થાય છે:-

* ગૃહસ્થના ઘરમાં સૌમનસ- શાંતિ હોય. લડાઇ- ઝઘડા, વેર-ઝેર ઘરમાંથી કાઢવાના છે.

* વિપ્ર જેવા સત્પુરુષ તેમજ અન્યના આતિથ્ય માટેની ઘરના બધા સભ્યોની તત્પરતા મુખ્ય માણસે કેળવવાની છે.

* માનવી જેવાં કર્મ અત્ર (અહીં ) કરે તેવાં ફળ પરત્ર (પરલોક)માં પામે.

* ચાલ્યો આવતો ધર્મ પ્રતિબદ્ધ ન થાય.

●

# (૬)

કર્મોપાસન માર્ગમાં સાધકે ઉત્તમ ઉપાસકોનાં ચરિત્રોનું સતત અધ્યયન કરવું જોઇએ. યુવશિક્ષા ગ્રંથમાં સ્વામી મહારાજશ્રીએ પ્રતિમાપૂજનની મહત્તા દર્શાવતાં પૂજનીય શ્રી નારાયણ સ્વામીનાં ચરિત્રનું નિરૂપણ કર્યું છે. એ જ નિરૂપણ અહીં અધ્યાય ૧૦૮નું કથાવસ્તુ છે. એ કથા વસ્તુ નિરૂપણમાંથી શ્રી અવધૂતજીએ કર્મોપાસનના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

* વિદ્યાપ્રાપ્તિ કોઈનું અપમાન કરવા માટે નથી. કેમ? કારણ કે આ માર્ગનું અવલંબન કરનારને માટે બધું જ અને બધાં જ શ્રીવાસુદેવમય છે.

* વિદ્યાધ્યયનરૂપ કર્મથી દેહ-અભિમાન વધે તો તે કર્મ- ઉપાસના ન બને કારણ કે અભિમાનના સ્પર્શથી એ કર્મ વિકર્મ યા કુકર્મ થઈ જાય. એવી વિદ્યાથી મુક્તિ ન થતાં નરક પ્રાપ્તિ થાય.

* દેહ અભિમાન જેમ જેમ ઓછું થતું જાય તેમ તેમ સાધકને ઈશના અનુગ્રહનો અનુભવ થતો જાય.

## (૬.૧)

અધ્યાય ૧૦૮માંથી જે સિદ્ધાંત ફલિત થાય છે તે એ કે કર્મોપાસન માર્ગમાં માન-અપમાન ત્યજવાનાં છે. નિંદા અને સ્તુતિમાં સાધકે સમતા કેળવવાની છે. એ જ રીતે જે સ્થળે- જગ્યાએ કોઈ ભકતે વર્ષો સુધી ઉપાસના- અનુષ્ઠાન કર્યા હોય તે સ્થળનું જતન- પૂજન પણ ઉપાસનારૂપ કર્મ છે.

●

## (૭)

અધ્યાય ૧૦૯નું વસ્તુ મંત્રોપદેશનું છે. અહીં કથાના વસ્તુમાંથી જે સિદ્ધાંત ફલિત થાય છે તે પ્રમાણે:-

* સિદ્ધ ઉપાસક પુરુષની વાણીનું શ્રવણ કરી તે પ્રમાણે વર્તનારને સત્વરે ઈચ્છાપૂર્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

* દુર્ગામાશી શ્રી નારાયણ સ્વામીના ઉપાસના સ્થાનની શુદ્ધિ રાખતાં. તેનાથી જ તેમને જ્ઞાનપ્રાપ્તિ થઇ.

* કર્મોપાસન માર્ગમાં ભગવાનનો પ્રત્યક્ષ દર્શન લાભ તેનો સમય આવ્યે જ થાય છે.

# (૭.૧)

આ જ અધ્યાયમાં પૂજનીય સ્વામી મહારાજશ્રીના ઉપાસક સ્વરૂપનું પ્રતિપાદન થયું છે.

૧. મંત્રજાપ પાયાની બાબત છે.

૨. પંચાયતન પૂજા

૩. ધ્યાન

૪. ઉપનિષદ ભાષ્ય, ગીતા, બ્રહ્મસૂત્રનો અભ્યાસ.

આટલાં કર્મોનો સ્પષ્ટ નિર્દેશ અહીં થયો છે.

# (૭.૨)

કર્મોપાસનના બે સ્વરૂપનો નિર્દેશ ખાસ નોંધવા જેવો છે. ૧. શુદ્ધ ઉપાસના ૨. ભૂત-પ્રેતની અશુદ્ધ ઉપાસના. કઇ ઉપાસનાથી સદ્‌ગુરુ ભગવાન પ્રસન્ન થાય? એ વિચારી સાધકે શુદ્ધ પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપ સદ્‌ગુરુની ઉપાસનાનો માર્ગ અપનાવવાનો છે.

●

# (૮)

યોગાભ્યાસ નિરૂપણનો આધાર લઈ અધ્યાય ૧૧૦માં સ્વયં સ્વામી મહારાજશ્રીને યોગાભ્યાસ વખતે ઘી લઈને અભ્યાસમાં બેસવાની ઢોરે શાસ્ત્રીએ સલાહ આપી. એમ કરવા જતાં એ વાત સદ્‌ગુરુ ભગવાનને ના ગમી. તેમાંથી સાધક માટે ફલિત થતો સિદ્ધાંત છે:-

* એક વાર સદ્‌ગુરુનું શરણ લીધા પછી, બીજા કોઈની વાત સાંભળવી ખરી, પણ વર્તવું તો સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે જ. સિદ્ધાંતસૂચક દોહરા જીવનમાં ઉતારવા જેવા છે:-

૧. ગુર્વાજ્ઞા લંઘન કરે શિષ્ય જેહ હરામ ઇહ પર સૌખ્ય ન એહને, પામે કષ્ટો આમ. (૧૧૦/૨૧)

૨. માટે મન તું આજથી કર દઢ નિશ્ચય આંહ્ય, ગુર્વાજ્ઞા વિણ ના કરું કાર્ય ભલે અસુ જાય. (૨૫)

૩. હોય જેહ ગુરુ પુત્ર તે માની વચન મુજ અત્ર, એમ વર્તતાં નિશ્ચયે થશે સુખી સર્વત્ર. (૨૬)

આ દોહરા સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા હોઈ, સ્વામી મહારાજશ્રીની જીવનલીલાના માધ્યમથી પૂજ્યશ્રી અવધૂતજીએ સાધક માટે નોંધ્યા છે.

## (૮.૧)

જેવા ગુરુ એવા જ સંત. આંજરેકર બુવાના પ્રસંગ દ્વારા સંતની આજ્ઞા પણ સાધકને માટે શિરોધાર્ય છે. અહીં સિદ્ધાંત છે:-

સંતોની અવહેલના કદિ ન કરવી જાણ;
વૃત્યનુકૂલન થઈ સદા રે'વું ભાવે માન.
(૧૧૦-૧૧૮)

અવહેલના એટલે અવગણના. વૃત્યનુકૂલન એટલે એમની જે તે મનોવૃત્તિને અનુકૂળ થઈને ભાવપૂર્વક વર્તવું એ અર્થ છે.

## (૮.૨)

આ જ સિદ્ધાંતોનું પ્રતિપાદન જરા જુદી રીતે શંકર સપ્તેના કથાવસ્તુ દ્વારા થયું છે. સંતની સલાહથી જ દિવાકરના પૂર્વજોએ ફણસના વૃક્ષનું પૂજન કરવાનું રાખ્યું હતું. તેના ઉચ્છેદથી જે પરિણામ આવ્યું તે તથા શંકર સપ્તેના પ્રસંગમાંથી ફલિત થતા સિદ્ધાંત છે:-

* સંત સાથેના વ્યવહારમાં ક્યારેય હઠ- દુરાગ્રહ ન કરવા.

* ધન-વિદ્યાનું અભિમાન છોડી, પોતાનું ડહાપણ ચલાવ્યા વિના સંત કહે તેમ કરવું.

* પૂર્વજોના સમયથી ચાલ્યું આવતું સત્કર્મ આદિ-કુલાચાર ન છોડવા.

* "આ દૈવ/ ભગવાનનો પ્રસાદ છે" એમ કહીને કોઇ આપે તો તેનો ત્યાગ ન કરવો.

●

## (૯)

દુકાનવાડીના બ્રાહ્મણની વાડી પચાવી પાડનાર પાસેથી વાડી પરત મેળવવા માટેના અધ્યાય ૧૧૨નું કથાવસ્તુ વસ્તુતઃ કર્મોપાસન માર્ગના મંત્રશક્તિ સિદ્ધાંતનું પ્રતિપાદન છે. મંત્રશક્તિ અદ્‌ભુત છે. તેમાં મંત્રનું અનુષ્ઠાન શ્રદ્ધાપૂર્વકનું શુદ્ધ હોય તો જ તેનું ફળ પ્રાપ્ત થાય.

## (૯.૧)

અહીં ઘનશ્યામ વિઠ્ઠલ દ્વારા જ્યોતિષની નિંદા દ્વારા જે સિદ્ધાંતનું પ્રતિપાદન થયું છે તે એ કે, સમગ્ર બ્રહ્માંડમાં એકતાનો સિદ્ધાંત કામ કરે છે. અહીં પૃથ્વી પર બનતાં હિંસા, ત્રાસ આદિ જેવાં કુકર્મો અને દયા, કરુણા,

પરોપકાર જેવાં સત્કર્મોનાં આંદોલનો સમગ્ર બ્રહ્માંડમાં પ્રસરતાં હોવાનાં તથ્યનો સ્વીકાર હવે વિજ્ઞાન પણ કરે છે. એ જ પ્રમાણે ચંદ્ર, સૂર્ય આદિ જેવા ગ્રહોના પ્રાકૃતિક સ્થિત્યંતરોના આંદોલનોની અસર મનુષ્ય તેના સ્વભાવ, તેના ચારિત્ર્ય, તેની મનઃસ્થિતિ પર, મનના સ્વરૂપ પર થતી હોવાનાં અભ્યાસનું વિજ્ઞાન એટલે જ્યોતિષ શાસ્ત્ર. એ શાસ્ત્ર સમજ્યા, જાણ્યા વિના તેની નિંદા ઉપાસકે ન જ કરવી ઘટે.

## (૯.૨)

સમાજમાં શુષ્ક વેદાંતી અને એવા જ કહેવાતા બુદ્ધિવાદીઓની વાતોમાં આવવાથી શ્રદ્ધાળુ માણસની શ્રદ્ધા, કર્મ પરની શ્રદ્ધા, ગુરુચરિત્ર જેવા પાવનકારી ગ્રંથ પરની શ્રદ્ધા ડગી જાય છે. આ શ્રદ્ધાને સ્થિર રાખવા માટે આ અધ્યાયમાંથી કર્મોપાસનનો આ સિદ્ધાંત ફલિત થાય છે.

* જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી આપણે ઈશ્વરના દાસ છીએ, એવો ભાવ સ્થિર રાખી આ માર્ગે પળેલા સાધકે સંધ્યા, પાઠ-પૂજા કરતા રહેવું.

* આપણે દેહભાવથી ઈશ્વરના દાસ અને જીવભાવથી ઈશ્વરના અંશ છીએ. ભગવાને ગીતામાં કહ્યું છે: “મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ” અર્થાત

અર્જુન, મારો જ સનાતન અંશ આ જીવસૃષ્ટિમાં જીવસ્વરૂપ થયેલો છે.

* એ બંને દેહભાવ અને જીવભાવ નષ્ટ ન થાય ત્યાં સુધી એટલે કે મૃત્યુપર્યંત સાધકે અચૂક દેવસેવા કરવી.

* શુષ્ક જ્ઞાનીઓની સોબતે ચડીને પોતાનાં સ્વકર્મનો ત્યાગ ન કરવો. એવો ત્યાગ કરવાની ઈચ્છા જ ન થાય તે માટે સતત સાધુસંતની સંગતમાં રહેવું. સતી મદાલસાએ અલર્કને આ જ ઉપદેશ આપ્યો હતો.

●

## (૧૦)

અધ્યાય ૧૧૩માં મૂર્તિસ્થાપનાદિ કથામાં પૂજ્યશ્રી સીતારામ બુવાના ગાયનું સંકલ્પદાન લેવાના પ્રસંગનો આધાર લઈ પૂજ્ય અવધૂતજીએ દોહરા ૭થી ૧૦માં જે સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે તે એ કે મહાપાપીને પાપનું ફળ મળતાં વાર લાગે, ઊકરડામાં થોડો કચરો નાખતાં કશો ફેર ન પડે. શુદ્ધ વસ્ત્રમાં પડેલો નાનો સરખો ડાઘ તરત બધાને દેખાય. તેમ પુણ્યશાળી માણસે કરેલું નાનું- નગણ્ય પાપ તરત ફળ આપે. માટે કર્મોપાસન માર્ગના યાત્રીએ ખૂબ સાવધાની રાખવી.

# (૧૦.૧)

અહીં સ્વામી મહારાજશ્રીના ગૃહસ્થાશ્રમ પ્રવેશનો પ્રસંગ છે. તેમાં માણગાંવના મુખી દ્વારા અન્નપૂર્ણામાતાના ભવ્ય સત્કાર તથા આ દંપતી દ્વારા તેના અસ્વીકારની વાત છે. એ દ્વારા અહીં જે સિદ્ધાંત તારવવામાં આવ્યો છે; તે મનનીય અને અનુકરણીય છે:-

વિણ વૈરાગ્યે ના મળે ઈશ્વર સ્વપ્ને જાણ;
પ્રથમ પગથિયું એ નકી ઈશપ્રાપ્તિમાં માન. (૧૧૩-૪૮)

આનો અર્થ એ થાય કે,

* વૈરાગ્ય એ માત્ર સાધુ-બાવાઓ માટે જ નથી. ગૃહસ્થે પણ વૈરાગ્ય કેળવવાનો છે.

* વૈરાગ્ય ઈશ્વરપ્રાપ્તિનું પ્રથમ સોપાન છે. અર્થાત મન જ્યાં સુધી વિષય સુખમાં રમમાણ છે ત્યાં સુધી ઈશ્વર દૂર છે. જે માણસ સુખ ભોગનું દાસત્વ સ્વીકારી લે એ 'તું'રૂપી સૂત્રધારની કાષ્ઠપૂતળી કઈ રીતે બની શકે?

●

## (૧૧)

દેસસેવા પ્રકાર કથન શીર્ષકવાળા અધ્યાય ૧૧૪માં કન્યાની પિશાચ બાધા મંત્રજાપ અને પ્રદક્ષિણાથી ટળી એ વાતનું સિદ્ધાંતરૂપ તાત્પર્ય આ પ્રમાણે છે:-

* ઉપાસનામાં નિષ્ઠા મહત્ત્વની છે.

* શ્રદ્ધાથી દેવસેવા, પ્રદક્ષિણાથી દુ:ખમુક્તિ.

* દેવ-સેવાનો માર્ગ અતિ સૂક્ષ્મ છે.

* પ્રત્યેક દેવસ્થાનના નિયમો છે. સ્થાનની દેવસેવા કરનારે એ દેવ- દેવરૂપ ગુરુની આજ્ઞા પ્રમાણે જ વર્તવું.

* બ્રાહ્મણ વેંગુર્લેકરની બાધાના પ્રસંગમાંથી ફલિત થતો સિદ્ધાંત એ છે કે દેવકાર્યનો કરેલો સંકલ્પ તે જ વખતે પૂર્ણ કરવો. કોઈના કહેવાથી પોતાનો બુદ્ધિભ્રંશ ન થવા દેવો.

●

## (૧૨)

જ્ઞાન સત્ય શોધક છે, તેથી જ કહ્યું છે કે "વેદાજજનાન્તિ પંડિતા", સામાન્ય માણસો આંખ, કાન આદિ જ્ઞાનેંદ્રિયોથી જાણે જ્યારે સ્વામી મહારાજશ્રી જેવા જ્ઞાનના બળે જાણે. અધ્યાય ૧૧૫માં સાવંતવાડીમાં ખોટા આરોપથી પકડાયેલા બ્રાહ્મણને સ્વામી મહારાજશ્રીએ

પોતાના જ્ઞાનના બળે છોડાવી સાચા ખૂનીને શોધાવડાવ્યો. એ જ રીતે મંત્રશક્તિના બળથી રામભાઉની નોકરીમાંની બરતરફી તથા વાસુદેવ સાઠેના પુત્રનું મૂકત્વ દૂર કર્યું એ સિદ્ધાંત જ્ઞાનબળ અને મંત્રબળનો પ્રતિપાદક છે.

# (૧૨.૧)

ઔદુંબર જેવા દેવવૃક્ષની સાથે કઈ રીતે વર્તવું તેનો નિર્દેશક સિદ્ધાંત છે. દેવવૃક્ષનો સ્પર્શ ન કરાય, સ્નાન કરીને પૂજન જ કરાય. એ જ રીતે નરસોબાવાડીના આબાશાસ્ત્રીના મતે યોગ શ્રુતિ પ્રોકત નથી. તેમનો મત સાંભળી મહારાજશ્રીએ મૌન ધારણ કર્યું એ પ્રસંગમાંથી ફલિત થતો સિદ્ધાંત આવો છે:-

૧. સાધકે વાદ, વિવાદ, વિતંડામાં ન પડવું.

૨. નૃસિંહવાડી જેવાં સ્થાનો ભગવાન શ્રી દત્તાત્રેયની રાજધાની છે. ત્યાં વસતાં લોકો ભગવાન શ્રી દત્તસ્વરૂપ જ છે તેમ માની તેમની સાથે વિવાદ ન કરવાં.

૩. જ્ઞાન-વિદ્યાના અભિમાનીનું અભિમાન સ્વયં ભગવાન જ ઉતારે છે. માટે સાધકે એવાની સાથે વાદ-વિવાદમાં ન પડવું.

૪. મુમુક્ષુએ સતત યોગાભ્યાસ કરવો. ગુરુમહારાજના સ્વરૂપ ધ્યાન કે તેમના કોઇક સૂક્તિરૂપ વાક્યનાં ધ્યાનમાં મગ્ન રહેવું.

●

## (૧૩)

કર્મોપાસન માર્ગની સૈદ્ધાંતિક વિશેષતાનું યથાતથ નિરૂપણ ઉપાસના કાંડમાં સમજવા જેવું છે. સાધક એક વાર "તું સૂત્રધાર અને હું કાષ્ઠપૂતળી"ના ગૃહીતને સ્વીકારી લે પછી એના જીવનમાં બે પરિસ્થિતિઓનું નિર્માણ થાય:-

૧. બસ, પછી એને મજા જ મજા, ગુજરાતી કવિ રાજેન્દ્ર શુકલ કહે છે તેમ:

ચિંતા બધીય જેણે મૂકી એના દ્વાર પર
આઠે પહોર એને પછી ક્ષેમ ક્ષેમ ક્ષેમ.

અથવા સ્વયં અવધૂતજી કહે છે તેમ:

જીવનદોરી તુજને સોંપી નિશ્ચિંત જગમાં ફરું.

(અવધૂતી આનંદ પૃ.૩૩)

૨. બીજી પરિસ્થિતિ: બસ, પછી તકલીફ જ તકલીફ! પછી એ પોતાનું ધાર્યું તો ના જ કરી શકે, કોઇ બીજા કહે એમ પણ ના કરી શકે. આ ભયંકર ગુલામી છે; એણે પછી આંખમાં આંસુ સાથે, બે હાથ જોડીને ડગલે ને

પગલે "દત્તાજી! મૈં તો તેરો હિ એક ગુલામ!" એમ જ કહેવાનું છે.

આ સિદ્ધાંત અધ્યાય ૧૧૬માં ૧. સ્વામી મહારાજે માતાની ચૂકથી ધરાવેલા શુષ્ક પૌંઆ અને ૨. ભગવાનની આજ્ઞા વિના માતાના આગ્રહથી ગોકર્ણ જતાં સ્વામી મહારાજશ્રીને સર્પદંશ ૩. નિત્યક્રમ અપૂર્ણ રાખી વિશ્રાંતિ લેવા જતાં શાસ્ત્રી બુવાને વૃશ્ચિકદંશ એ પ્રસંગો દ્વારા સૂચવાયો છે.

•

## (૧૩.૧)

પ્રત્યેક સાધકે પોતની શારીરિક કફ જેવી પ્રકૃતિ, વ્યવસાય આદિના સંદર્ભમાં પોતાના નિત્યક્રમ નક્કી કરવાના છે:

* સહુએ પોતાનો નિત્ય નિયમ ત્યાગવો નહીં, કારણ કે નિયમભંગ થતાં પ્રમાદ, પ્રમાદથી વિનાશ, તેથી અનુસંધાન તૂટે. અનુસંધાન તૂટે એટલે સમજવાનું કે ગયા સોળના ભાવમાં. કર્મોપાસન માર્ગમાં સતત અનુસંધાન: હું તારો છું, તારા વિના પાંગળો છું એ કેન્દ્ર સ્થાને છે.

* માટે નિત્ય નિયમથી, બીજી ખટપટમાં પડ્યા વિના પૂજન, અર્ચન, શ્રવણ, મનન, ધ્યાન કરવું.

## (૧૩.૨)

આ નિત્ય નિયમમાં અધિકાર ભેદના સિદ્ધાંતનું નિરૂપણ સાવંતવાડીના સોનીના વેદોક્ત કર્મના પ્રસંગ દ્વારા કર્યું છે. માટે દરેકે-

* અધિકાર ભેદ સમજવા પ્રયત્ન કરવો.
* બધાને બધા જ અધિકાર નથી.
* સાધકે પોતાના અધિકાર પ્રમાણે ગુરુ મહારાજની આજ્ઞા લઈ, સંતના, માત-પિતાના આશીર્વાદ લઈ, ઉપાસના કર્મ નક્કી કરવું.

સગુણ ઉપાસનાના પ્રકાર, સ્વરૂપ અને વિધિનું તાત્ત્વિક નિરુપણ પૂજનીય સ્વામી મહારાજશ્રીએ “યુવશિક્ષા” નામના ગ્રંથમાં તથા નિર્ગુણ ઉપાસનાનું નિરુપણ “વૃશ્યશિક્ષા” નામના ગ્રંથમાં કર્યું છે.

●

## (૧૪)

જ્યોતિષ ખૂબ જ ગહન અને ગૂઢ શાસ્ત્ર છે. અધ્યાય ૧૧૭ના નિરૂપણ પ્રમાણે જન્માક્ષરમાં નિર્દિષ્ટ મૃત્યુયોગ એક વાત છે અને માણસના જન્મ-મૃત્યુ નો ઋણાનુબંધ સંબંધ તદ્દન જુદી વાત છે એ તથ્ય વાડીમાં દુર્ગામાશીના ભાઈના પુત્રના મૃત્યુના પ્રસંગ દ્વારા સ્પષ્ટ કર્યું છે. કર્મોપાસન સિદ્ધાંત એવો છે કે-

* માણસના જન્મ-મરણ ઋણાનુબંધ ને આધીન છે. એ તથ્ય સમજી સાધકે વર્તમાન જન્મમાં વિચારપૂર્વક સંબંધો બાંધવાના છે.

* સંબંધ માત્ર શોક કરાવનાર જ છે માટે ઉપાસ્ય દેવમાં શ્રદ્ધા રાખી સંબંધ વિચ્છેદનો શોક તજવાનો છે.

## (૧૪.૧)

“કર્મયોગ”માં કર્મનું ફળ અને “કર્મોપાસન માર્ગ”માં કર્મનું ફળ ઉભયમાં તાત્ત્વિક તફાવત છે. અધ્યાય ૧૧૭માં વિદ્વાનો એ આ બાબતે પૂછેલા પ્રશ્નના ઉત્તરરૂપે સ્વામી મહારાજે “વિધિવત કરેલાં કર્મના શાસ્ત્ર લિખિત ફળ”ની વાત કરી છે. એનો આધાર લઈ અધ્યાય ૧૧૮માં સોહિરોબાના પ્રસંગ દ્વારા કર્મોપાસન માર્ગમાં કર્મફળની

ચર્ચા કરી છે:-

* આ માર્ગમાં થતું કર્મ ભગવતપ્રીત્યર્થ થતું હોઇ, એ કર્મનો વિનાશ થતો જ નથી,

* એનું કારણ જીવન મુક્તિ વિવેક છે. સ્વર્ગ પ્રાપ્તિ માટે કરેલો જ્યોતિષ્ઠોમ યજ્ઞ ભૂતકાળનો વિષય બની જાય યા નિષ્ફળ જાય, પણ:

"ઇશ પ્રાપ્ત્યર્થ કર્યા શ્રમ તે વ્યર્થ ન ક્યાંય"

તથા

"ઇશ પ્રાપ્તિના યત્નમાં થાય ન હાનિ તેમ;
માટે સ્ત્રી પુરુષે સદા કરવો પ્રયત્ન એમ"

સ્વામી મહારાજે સાત વર્ષ મંદિરમાં પૂજા કરી પછી ભગવાને યાત્રા માટે નીકળવાનો આદેશ આપ્યો. શાથી? કારણ કે કર્મોપાસન માર્ગમાં ઉપાસના જ કર્મ છે. એટલે આ માર્ગે વળેલા સાધકે વિચરણ કરી લોકોને સન્માર્ગે વાળવાના છે; એમ કરવાથી-

* સાધક નિષ્કામ બને. નિષ્કામ બનવાની એક રીત જ્ઞાન માર્ગમાં, બીજી યોગ માર્ગમાં બતાવી છે. કર્મોપાસન માર્ગની નિષ્કામ બનવાની રીત જુદી છે.

* સાધક એકલો સાધના કર્યા કરે તો અહંભાવ આવે- "હું સાધના કરું, બીજા કરે છે? બીજા કરી જુઓ મારી જેમ પારાયણો તો ખબર પડે કેટલી વીસે સો થાય છે

તે” આ અહંભાવ તોડવાની રીત વિચરણ છે.

* બાહ્ય પ્રપંચ. અર્થાત પંચ= પાંચ ઇન્દ્રિયો દ્વારા થતી માણસની વંચના= છેતરપીંડી. ઇન્દ્રિયો સુખના લાડવા ખવરાવીને માણસને છેતરી જાય છે. આ છેતરપિંડીથી બચવાનો- છૂટવાનો માર્ગ છે શરીરને પ્રારબ્ધને આધીન કરી વિચરવું- “અનિકેત”=ઘર-બાર વિનાના, “યતચિત્ત” પ્રભુને એમનું કામ કરવા દેવું અને પોતે એ લીલા જોયા કરવી.

•

## (૧૫)

શ્રી ગુરુ કન્યા સંવાદના અધ્યાય ૧૨૦,૧૨૧,૧૨૨ ના કુલ ૩૩૦ દોહરા વિશિષ્ટ છે. એ આખા પ્રકરણની એક છાપ એવી ઊભી થાય છે કે, અહીં આ ઉપાસના કાંડમાં જ્ઞાનકાંડમાં શોભે યા ઉપયુક્ત થાય એવી સૂક્ષ્મ સમીક્ષા અહીં ક્યાંથી આવી? માતાજીને થયેલા મોહનું નિરાકરણ કરવાની અધ્યાય ૧૧૯માં આવશ્યકતા ઊભી થઈ ત્યારે ગ્રંથકારે સ્વામી મહારાજે યદુ-અવધૂત સંવાદવાળું જ્ઞાન આપ્યું એમ કહીને પતાવી દીધું અને અહીં આ બધું જ્ઞાન શાથી વિસ્તાર્યું? એ પ્રશ્ન સૂચક છે.

# (૧૫.૧)

માતા અન્નપૂર્ણા આ નવા કર્મોપાસન માર્ગમાં પ્રથમ પ્રવાસી અથવા કહો સ્વામી મહારાજશ્રીનાં પ્રથમ શિષ્ય હતાં. એમણે એ યુગમાં પતિવ્રતા ધર્મનો કર્મ માર્ગ અને પતિમાં પરમેશ્વર સદ્‌ગુરુના સાક્ષાત્કારનો ઉપાસના માર્ગ અપનાવ્યો હતો. એમને એટલે કે આ શિષ્યાને પોતાના પતિમાં પરમેશ્વર સદ્‌ગુરુનો અપરોક્ષ અનુભવ થાય-સાક્ષાત્કાર થાય તે માટે ખાસ એમની ઈચ્છાથી જ પુત્રનું જન્મવું અને જન્મતાં જ થોડા સમયમાં પંચત્વ પામવું અને આ શિષ્યાનું શોક મગ્ન બની જવું એ આખો ઉપક્રમ રચાયો છે એમ કહેવામાં કશું અસંગત નથી. જ્ઞાન પ્રાપ્તિની ક્ષણ આ માર્ગે વળેલાના જીવનમાં ક્યારે આવે?

* જ્ઞાન ગમે ત્યારે માણસના પ્રયત્નથી પ્રાપ્ત થતું નથી. હા... આપણા શિક્ષણ જગતમાં બને છે તેમ માણસ ધારે ત્યારે પ્રયત્ન કરીને માહિતી (Information) પ્રાપ્ત કરી શકે. એની પરીક્ષા થાય ને માણસને યુનિવર્સિટીઓની પદવીઓ પણ મળે. પરંતુ જ્ઞાન-પ્રાપ્તિ પ્રયત્ન સિદ્ધિ બાબત નથી.

* પરમકૃપાળુ પરમાત્ય સ્વરૂપ સદ્‌ગુરુની અસીમ કૃપા અને માણસના પૂર્વજન્મનાં સુકૃતનાં ફળ રૂપે તેના જીવનમાં જ્ઞાન પ્રાપ્તિની ક્ષણ આવે, આવી શકે.

* જેમ જ્ઞાનમાર્ગમાં મનો ભંગ, વાસના ક્ષય અને તત્ત્વજ્ઞાનનો ક્રમ છે તેમ કર્મોપાસન માર્ગમાં-

૧. સગુણ ઉપાસના- જેવી માતા દેવહૂતીએ અને અહીં માતા અન્નપૂર્ણાએ કરી તેવી પતિમાં જ સદ્‌ગુરુ ભગવાન સ્વરૂપની ઉપાસના.

૨. તેના દ્વારા દિવ્યભોગની- સાંસારિક સુખની પ્રાપ્તિ.

૩. એ દરમિયાન સદ્‌ગુરુની કૃપાથી વૈરાગ્યનો ઉદય.

* એ વૈરાગ્ય થકી જ્ઞાનની પ્રાપ્તિ

* અને મુક્તિ.

માતાજીએ એ જ દેહે મુક્તિનો જે અપરોક્ષ અનુભવ કર્યો, જે ગાન સ્ફૂર્યું તે અધ્યાય ૧૨૨ના અંજનીગીત-સ્વાત્મગીતમાં દ્રષ્ટવ્ય છે. છતે દેહે વિદેહ સ્થિતિનું નિરૂપણ છે. પૂર્વે બૃહદારાણ્યક શ્રુતિના દ્રષ્ટા મહર્ષિ યાજ્ઞવલ્કયજીએ જે રીતે ધર્મપત્ની મૈત્રેયીને આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાન દ્વારા અપરોક્ષાનુભૂતિ કરાવી ગુરુ કર્મ કર્યું હતું એવું જ અહીં સ્વામી મહારાજશ્રીના જીવનમાં જોઈ શકાય છે.

●

## (૧૬)

અધ્યાય ૧૨૩માં માતા અન્નપૂર્ણાના પ્રશ્ન: "ઉત્તમ કન્યાના અધમ માનવી સાથે લગ્ન થાય તો તે પોતાનાં શીલનું રક્ષણ કઇ રીતે કરે?" માતાજીનો પ્રશ્ન સટીક છે. એમણે પોતે જે વ્રતનું અનુશીલન (Practice) કર્યું હતું તે પતિવ્રત સંબંધી પ્રશ્નના ઉત્તરમાં સ્વામી મહારાજે દ્વાપરયુગના પ્રસંગનો આધાર લઈ કર્મોપાસન માર્ગના સિદ્ધાંતનો નિર્દેશ કર્યો છે:

* લગ્ન સંસ્થા એટલે કે લગ્ન ને સમાજમાં સંસ્થાગત (Institutionalize) કરવાની એક લાંબી પ્રક્રિયાના અંતે આ સંસ્થાનું સમાજમાં નિર્માણ થયું છે.

* તેમાં ગોત્ર, વંશ, પરંપરા અને આનુવંશિકતાનો વિચાર કેંદ્ર સ્થાને છે.

* લગ્ન વિધિ છે- કરાર (Contract) નથી. અર્થાત એ માનવજીવનનું એક એવું કર્મ છે જેના દ્વારા

૧. અધ્યાય ૧૨૨ના અંત ભાગમાં માતા અન્નપૂર્ણાને દોહરા ૧૦૫થી ૧૧૪માં દાંપત્ય દ્વારા અદ્વૈત સિદ્ધિના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

૨. આશ્રમ ધર્મમાં ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ સિદ્ધ થાય છે.

## (૧૭)

ગંગાખેડથી ઉજ્જૈન જતાં વાસીમમાં જે કૌતુક થયું તેમાં પોલીસ દ્વારા થયેલા અપમાનમાં સ્વામી મહારાજની જે કસોટી થઇ તેના દ્વારા અવધૂતજીએ આ માર્ગના એક મહત્ત્વ પૂર્ણ સિદ્ધાંતનો નિર્દેશ કર્યો છે:-

* સાધકે સતત સંકીર્તન કરતા જ રહેવાનું છે; પણ તેમાં ક્યાંય માન, સમ્માન, અપમાનનો ભાવ આવવો જોઇએ નહીં.

> તૃણાયપિ સુનીચેન તરોરિવ સહિષ્ણુના ।
> અમાનીના માનદેન કીર્તનીયો સદા હરિઃ ॥
> (શ્રી ચૈતન્ય મહાપ્રભુજી)

અર્થાત તૃણ- ઘાસથી પણ નીચા થઇને (Grass-root Level પર જઇને), વૃક્ષ જેવા સહનશીલ થઇને પોતે અમાની- માન વિનાના થઇ બીજાને માન આપનારા થઇને હરિનું સદાય સંકીર્તન કરવું.

* પ્રાણીમાત્રમાં ભગવાનનું દર્શન કરવું. જે કાળે જે કંઇ થાય છે, થઇ રહ્યું છે તે ભગવાનની ઇચ્છાથી બરાબર-સરસ જ છે.

* આ માર્ગમાં ક્યાંય ફરિયાદ, શિકાયત, અણગમો, અસ્વીકાર, તિરસ્કાર, પોતાની મોટાઇ જેવી બાબતોને સ્થાન જ નથી.

●

## (૧૮)

અધ્યાય ૧૨૫માં સારંગપુરમાં સ્વામી મહારાજે લોકોને કર્મમાર્ગે વાળ્યાં. માણસ, પછી તે ગમે તેવો વિદ્વાન હોય તો પણ “કર્મ વિમુખ”- સવિશેષ “સ્વકર્મ વિમુખ” થઇ જાય છે. કેશવરાવ વૈદ્યના પ્રસંગ દ્વારા સ્વકર્મના સિદ્ધાંતનું પ્રતિપાદન છે. આ પ્રતિપાદન ગીતાજીમાં અર્જુનને તેના ક્ષત્રિય સ્વરૂપ સ્વકર્મ અભિમુખ કરવાનાં પ્રતિપાદન જેવું જ છે.

* દરેકને પોતાનાં કર્મ છે. શ્રી નરસિંહ મહેતાએ એક પ્રભાતિયામાં: “આપણે આપણાં કર્મ સંભાળવાં, કર્મનો મર્મ લેવો વિચારી” એમ કહ્યું છે. આ કર્મો જે તે માણસે પોતે જ કરવાનાં છે. નિત્ય કર્મ અન્ય પાસે- અન્ય દ્વારા ન કરાવાય.

* અતિથિ અભ્યાગતનો સત્કાર.

* કમાવીસદારના ભાઈ ભાસ્કર (પિછોરા ગામ)ના પ્રસંગ દ્વારા તથા ખરેસ ગામના ચીટનીસની પત્નીના પ્રસંગ દ્વારા તત્ત્વતઃ સદ્વર્તનના સિદ્ધાંતનું પ્રતિપાદન છે.

## (૧૯)

સેવાધર્મ આમેય ઘણો કઠિન અને છતાં "કલિતારક" છે. અધ્યાય ૧૨૬ના કાશીમાં પહોંચવાના પ્રસંગ દ્વારા કર્મોપાસનમાં કર્મ એ જ ઉપાસના કઇ રીતે બને છે તે દર્શાવ્યું છે.

* યાત્રા- અનુષ્ઠાન આદિનો શુભ સંકલ્પ કરીને તેને વળગી રહેતાં ભગવાન ભકતનું રક્ષણ કરે છે.

* એ જ રીતે પલવણના રામદાસ નવમીના પ્રસંગ દ્વારા સત્પુરુષોએ રચેલા પ્રાકૃત ગ્રંથોનું શ્રદ્ધાથી પઠન કરતાં પાઠકની કાર્યસિદ્ધિ થાય છે.

* ગામ ભાલોદના બળવંતના પ્રસંગ દ્વારા આપત્તિગ્રસ્તની સેવાનું મહત્ત્વ તથા યાત્રામાં એકલા જ જવું. કેમ? કારણ કે યાત્રા ભગવદ્કૃપાથી થાય છે; તેમાં માણસનું પ્રારબ્ધ પણ કામ કરે છે.

●

## (૨૦)

ઋણાનુબંધમાં મૂળ વાત ઋણની છે. અધ્યાય ૧૨૭ના ગણપતિ બુવાના ભત્રીજાના પ્રસંગ દ્વારા સુજ્ઞ માણસે ક્યારેય કોઇનું ય ઋણ રાખવું નહીં, અન્યથા આખરે દુ:ખ ભોગવવું પડે છે.

# (૨૧)

અધ્યાય ૧૨૮ સગુણ ભક્તિ રહસ્યનો હોઈ ખૂબ જ મહત્ત્વનો છે. બ્રહ્માણી ઘાટમાં પગ લપસી જતાં સ્વામી મહારાજની કેડમાં ચસક ભરાઈ એટલે તેઓ લેશમાત્ર વ્યાકુળ થયા વિના સ્વસ્થ ધ્યાનમાં બેસી રહ્યા. નર્મદાજીએ સ્વયં આવી ભસ્મ ચોળી ચસક દૂર કરી એ પ્રસંગ છે:-

* સ્વામી મહારાજે સિદ્ધાંત તારવ્યો-

"જેવી જેની **ભાવના**, તેવું તે ફળ આંહ્ય પામે..."

* ભાવનાના બે સ્વરૂપ:

| સકારાત્મક | નકારાત્મક |
|---|---|
| ૧. જેવી ભગવાનની ઈચ્છા. | ૧. નસીબ આપણાં, શું કરીએ? |
| ૨. ભગવાન જે કરે છે તે સારા માટે જ છે. | ૨. આ ઘાટ જુઓ! કોઈ સાફ પણ કરતું નથી. |
| ૩. વાહ પ્રભુ! જે થયું તે બહુ સારું થયું. | ૩. અહીં સ્નાન કરવા આવનારની કોઈને પડી છે? |

વ્યાવહારિક પ્રતિકૂળતામાં પારમાર્થિક અનુકૂળતા અનુભવવાની ક્ષમતા પ્રાપ્ત કરવી એ આ માર્ગની વિશેષતા છે.

* કર્મોપાસન માર્ગના નિયમોમાં આહાર નિયમન નિયંત્રણ મહત્ત્વનું છે.

* સાધકે અન્નશુદ્ધિના વ્રતનું પાલન કરવાનું છે. એ સિદ્ધાંતનું પ્રતિપાદન પૂનાના વિપ્રની કન્યા સાથેના લગ્ન વિષયક દુર્વ્યવહારના પ્રસંગ દ્વારા થયું છે.

* ધાવડીકુંડમાં ભિલ્લસ્વરૂપ ભગવાન શંકરના સાક્ષાત્કાર દ્વારા દેવપૂજા એક જવાબદારી છે. જો સાધક પોતે પૂજા કરી શકે તેમ હોય તો જ દેવને ઘરમાં પધરાવવાના. દેવ અપૂજ રહે તો રાખનારને પાપ લાગે એ સિદ્ધાંતનું પ્રતિપાદન છે.

આ જ સિદ્ધાંતનું અર્થઘટન ચિખલદામાં થયેલી ભગવદ્‌લીલાના આધારે કર્યું છે:

* પૂર્ણ શ્રદ્ધાથી સગુણભક્તિ કરવી:

૧. ઈશ્વરનું ધ્યાન સિદ્ધ થતાં તરત જ સાક્ષાત્કાર

૨. ઈશ્વરની કૃપાથી યથાર્થજ્ઞાન

૩. ઉપાસના સિદ્ધ થયા વિના અનુભવજ્ઞાન- અનુભૂતિ ન થાય.

૪. સત્ય- યથાર્થ જ્ઞાન વિના મોક્ષ પ્રાપ્ત ન થાય.

●

## (૨૨)

અધ્યાય ૧૨૯ માતૃગયા- આખ્યાનનો છે. તેમાં કર્દમ ઋષિના ચરિત પ્રસંગ દ્વારા કર્મોપાસનના સિદ્ધાંતનું નિરૂપણ થયું છે:

* સ્વયં બ્રહ્માજી કહે છે:

૧. “સાધન સેવા મુક્તિનું માતપિતાની આંહ્ય.”

માત-પિતાની સેવા જ મુક્તિનું સાધન છે.

૨. “ચરણકમળ શ્રી ગુરુ તણાં ભજતાં ભવભય જાય.” અર્થાત શ્રી ગુરુનાં ચરણકમળ ભજતાં ભવનો ભય જાય છે.

૩. અર્થાત સાધકે માત-પિતાની સેવા અને શ્રીગુરુચરણનું ભજન કરવું એ સિદ્ધાંત છે.

●

## (૨૩)

અધ્યાય ૧૩૦ ડાકોર માહાત્મ્ય વસ્તુત: શ્રી બોડાણાજીનાં કર્મોપાસનનિષ્ઠજીવન દ્વારા નિરૂપાયેલા કર્મોપાસન સિદ્ધાંતનું જ દિગ્દર્શન છે.

●

## (૨૪)

અધ્યાય ૧૩૧માં સુબેદાર દ્વારા સાધુની અવહેલના થતાં તથા તેના ભત્રીજાની અવળચંડાઇના પ્રસંગ દ્વારા-

* સાધુની અવજ્ઞાથી સંકટો આવે, દુ:ખ આવે એ વાત મહત્ત્વની છે. કર્મોપાસન માર્ગમાં પ્રાણીમાત્ર ભગવત્સ્વરૂપ છે. સાધુની અવજ્ઞાન ન થાય.

* કુટુંબમાં કલહ ન થવા દેવો એ સિદ્ધાંતની વાત પૂર્વે કરી જ છે. જ્યાં સુધી કુટુંબમાં એકતા રહે ત્યાં સુધી જ કુટુંબની ઊર્જિત-અવસ્થા = તેજસ્વિતા રહે એ સામાજિક નિયમ નથી ઈશ્વરનો રચેલો નિયમ છે. કર્મોપાસન માર્ગમાં આ વાત સિદ્ધાંત સ્વરૂપે સમજી તેનો વિનિયોગ કરવાનો છે.

## (૨૪.૧)

વૈરાગ્ય અને સ્મશાન વૈરાગ્ય વચ્ચેનો તફાવત સમજવાનો નિર્દેશ વિષ્ણુબુવાના પ્રસંગ દ્વારા થયો છે.

* જ્યાં સુધી મન સત્યજ્ઞાન દ્વારા સ્વાધીન ન થાય ત્યાં સુધી ઇંદ્રિયોના દમનથી અર્થ સરતો નથી.

* માટે સદ્ગુરુ ભગવાનના ભજન દ્વારા મનને શાંત કરવા પ્રયત્ન કરવો.

મનની એકાગ્રતા કેળવવા માટે જ સ્વકર્મ અનુષ્ઠાન તથા સદ્ગુરુ ભગવાનનાં પૂજન-અર્ચન, ભજન, ધ્યાન, સંકીર્તનનું વિધાન ગ્રંથમાં કરેલું છે.

●

## (૨૫)

સ્વામી મહારાજશ્રી જેવા દત્ત અવતારી પુરુષનું જીવન: "અઘટિત ઘટના એહની કોણ વર્ણવે તાત" અઘટિત = જે પૂર્વે ક્યારેય ઘટ્યું = બન્યું ન હોય તેવી ઘટના સમાન છે માટે તે શ્રદ્ધાપૂર્વક પૂજનીય છે; એ સિદ્ધાંત અધ્યાય ૧૩૨માં તાત્યાના પ્રસંગ દ્વારા નિરૂપાયો છે. અહીં પણ વાત જ્યોતિષની જ છે; સૈદ્ધાંતિક રીતે એનું અર્થઘટન આ પ્રમાણે થાય:

* સદ્ગુરુનો કૃપાપ્રસાદ,એમની પ્રસન્નતાથી માણસના ભાગ્યમાં પરિવર્તન આવે.

૧. પૂર્વે સતિ-સાવિત્રીના મૃત પતિને, અબળાના મૃત બાળકને ગુરુમહારાજ શ્રી નરસિંહ સરસ્વતીએ પ્રસન્ન થઇ પુન: જીવિત કર્યા હતા.

૨. અહીં તાત્યાની વંધ્યત્વના યોગવાળી સ્ત્રીને સંતાન થયું.

* એ જ રીતે ભગવાનનું સ્વરૂપ માણસથી સમજી શકાય એવું નથી. એટલે છબીમાંનાં બધા જ સ્વરૂપો સુંદર જ છે.

* કર્મોપાસન માર્ગમાં "ક્ષમા-અપરાધ"નું ઘણું મહત્ત્વ છે એ દૃષ્ટિએ "કરુણા ત્રિપદી"માં નિરૂપિત સિદ્ધાંતો સમજવા જેવા છે.

૧. સદ્‌ગુરુ ભગવાન માતા, જનિતા, હિતકર્તા છે. ભય કર્તા અને ભય હર્તા, દંડ ધર્તા અને પરિપાતા છે. એટલે કે સદ્‌ગુરુનું સ્વરૂપ પરસ્પર વિરોધી દેખાતા તત્ત્વોનું બનેલું છે.

૨. સદ્‌ગુરુનું સ્વરૂપ દયાઘન, કરુણાકર છે.

૩. સદ્‌ગુરુની સગુણ ઉપાસનામાં પૂજન-અર્ચનના નિર્ધારિત નિયમોનું ચુસ્ત પાલન અનિવાર્ય છે.

કરુણા ત્રિપદી સ્તોત્ર અને "દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા" મંત્ર એ અમોઘ સાધન જ નહીં ભવસાગરમાંથી ભક્તનો ઉદ્ધાર કરનાર, ભવરોગની પીડા હરનાર ઔષધ છે.

●

## (૨૬)

કર્મકાંડ- કર્મ માર્ગ, ભક્તિ માર્ગ અને કર્મોપાસન માર્ગ વચ્ચેના તફાવતના નિરૂપણ દ્વારા અધ્યાય ૧૩૩માં એક સૂક્ષ્મ સિદ્ધાંતનો નિર્દેશ છે:

* ધર્મશાસ્ત્રમાં તિથિ-નિર્ધારણ બહુ જ મહત્ત્વની બાબત છે. શ્રી દત્તપુરાણના અષ્ટક ૭-૮માં સ્વામી મહારાજે તિથિ-નિર્ધારણનું શાસ્ત્ર બતાવ્યું છે.

* કઇ એકાદશી લેવી? મોટા ભાગે ઘણા ખરા પક્ષ (પખવાડિયા)માં જ્યાં બે અગિયારશ હોય ત્યાં પ્રથમ સ્માર્ત યા શૈવી અને બીજી ભાગવત યા વૈષ્ણવી એકાદશીનું વિધાન છે.

* તત્ત્વત: ભગવાન સ્માર્ત પણ નથી અને વૈષ્ણવ પણ નથી એ બધાયથી પર છે. છતાંય સંકુચિત સાંપ્રદાયિકો આવી બાબતે હઠાગ્રહી બની જતા હોય છે.

* ભગવાનના આ સ્વરૂપનો ભવ્ય ગુણાનુવાદ પૂજ્યશ્રીએ "જહાઁ પે દેખું વહાઁ પે સાહબવો નંગા ચંગા છિપા રહા હૈ" જેવા ઘણા ભજનોમાં કર્યો છે. પહેલી કે બીજી એકાદશી એ ઉપવાસરૂપ ઉપાસના છે. એટલે કે ઉપાસના = નજીક બેસવા કરતાં વિશેષ ઉપવાસ = નજીકમાં જઈને વાસ- રહેવા માટેની સાધના છે. દશમના મધ્યાહ્નથી દ્વાદશીના મધ્યાહ્ન સુધી અડતાલીસ કલાકની ભજન સાધના છે.

# (૨૭)

અધ્યાય ૧૩૪માં વૈજનાથની ઉન્મત્ત ભક્ત સ્થિતિનું અર્થઘટન સ્વયં સ્વામી મહારાજશ્રીએ સ્વમુખે કર્યું છે:

* ભક્તિ/ ઉપાસનાની અંતિમ અવસ્થાએ જ્યારે ઉપાસક અને ભગવાન વચ્ચેનો "હું-તું"નો સંબંધ શૂન્ય થઇ જાય, "હું" રહે જ નહીં પછી "તું" પણ ક્યાંથી રહે?

* 'તત્' પદની સત્તા 'ત્વમ્' પદની અપેક્ષાએ જ છે.

* ભક્ત જ્યારે "હું-મારું ભૂલી જાય",
"તું તારામાં ડૂબી જાય" એને મન
"તું-તારામાં ભેદ દેખાય જ નહીં"

એને પછી "ગોત્યું જડે ન હું ક્યાંયે" એવો દિવસ આવે ત્યારે જે અવસ્થા હોય તે **વૈજનાથ અવસ્થા** છે.

કર્મોપાસન માર્ગનો અંતિમ પડાવ આ "વૈજનાથ અવસ્થા" છે.

* આવી અવસ્થાએ પહોંચેલા સંતનો પરચો જોવાનો યત્ન ન કરવો એ સિદ્ધાંત શિરોબના તાત્યા મહાબળના પ્રસંગ દ્વારા નિર્દેશાયો છે.

●

## (૨૮)

સદ્‌ગુરુ ભગવાન સાક્ષાત ઈશ્વર જ છે. જે પ્રમાણે ઈશના ભજનથી તેમની કૃપા થાય છે, તે પ્રમાણે સદ્‌ગુરુની કૃપા થતી હોવાના સિદ્ધાંતનું પ્રતિપાદન અધ્યાય ૧૩૫માં તંજાવરની ગરીબ બ્રાહ્મણી વિધવાના શ્વાસકાસના રોગના ઉપશમન પ્રસંગ દ્વારા થયું છે:-

* આ નિ:સહાય સ્ત્રી અતિધાર્મિક હતી.

* તે કાયા, વાચા, મનથી ઈશ્વર સેવા કરતી અને આ અતિ દારુણ વ્યાધિ સહ્યે જતી હતી.

* ભોગકાળ પૂરો થતાં ૨૧ વર્ષ સુધી વ્યાધિનું દુ:ખ ભોગવ્યા પછી પૂજ્યશ્રી ગાંડા મહારાજશ્રી દ્વારા સ્વામી મહારાજશ્રીનાં ચરણનું ગુરુપાદોદક ભેષજ થયું: “દેખી શ્રદ્ધા શ્રીગુરુ દે ફળ એમ સુજાણ.”

## (૨૮.૧)

માન-સન્માન અપમાન આ બધું જ આ પ્રપંચમય જગતમાં દીસતું માયાનું જ કર્તૃત્વ છે. અધ્યાય ૧૨૪માં વાસીમ ગામે પોલીસો દ્વારા સ્વામી મહારાજશ્રીનું અપમાન થયું અને અધ્યાય ૧૩૫માં શૃંગેરી મઠના શંકરાચાર્યશ્રી દ્વારા તેમનું સાક્ષાત શ્રી દત્ત સ્વરૂપે ભવ્ય સન્માન થયું. આ બે

પ્રસંગોની તુલના કરતાં ઉભયમાં સ્વામી મહારાજશ્રીની સમતા-સમત્વ દર્શનીય સિદ્ધાંત સ્વરૂપ છે:-

* ભગવાનશ્રી વાસુદેવ કૃષ્ણ ગીતાજીમાં "સમત્વં યોગમુચ્યતે" સમત્વ-મનની સમતા યોગ છે-

"દુ:ખે ઉદ્વેગના ચિત્તે સુખોની ઝંખના ગઇ,
ગયા રાગ, ભય, ક્રોધ તેની પ્રજ્ઞા થઇ સ્થિર"

ગીતાનો આ સ્થિત-પ્રજ્ઞયોગ વસ્તુત: કર્મોપાસન માર્ગનું લક્ષ્ય છે.

●

## (૨૯)

અધ્યાય ૧૩૪માં નિરુપિત વૈજનાથ અવસ્થાનું પ્રકાશન્તરે બીજું દ્રષ્ટાંત અધ્યાય ૧૩૬માં સદાશિવેન્દ્ર સ્વામી અવસ્થા સ્વરૂપે આપ્યું છે. કર્મોપાસન માર્ગનો સાધક ક્રમશ: છતે દેહે કઇ રીતે વિદેહ મુક્તિનો અનુભવ કરે છે તેના ત્રણ દ્રષ્ટાંત આપણી સામે રજૂ કર્યાં છે:-

* પતિપરાયણ કર્મ- પતિ પરમેશ્વરની ઉપાસના દ્વારા માતા અન્નપૂર્ણાનું દ્રષ્ટાંત.

* માત્ર વાડી જેવા અનુપમ દિવ્ય સ્થાનમાં નિવાસ દ્વારા "મૌનમાં મુનિ જનો મોજ માણે" એ વૈજનાથના દ્રષ્ટાંત દ્વારા

* અને યોગ સાધના તેમ જ બ્રહ્મસૂત્રની જ્ઞાન સાધના દ્વારા વિદેહ કૈવલ્ય જીવતે જીવ ભોગવનાર સ્વામી સદા શિવેંદ્રનું દ્રષ્ટાંત.

•

## (૨૯.૧)

માર્ગ શબ્દનો વ્યાકરણિક વ્યુત્પતિ જનિત અર્થ અહીં ક્રમાંક ૩ માં બતાવ્યો છે. માર્ગનો લક્ષ્યાર્થ હવે અહીં સ્પષ્ટ થવો જરૂરી છે. માર્ગનો અર્થ જ એ છે કે તે પ્રવાસીને ક્યાંક લઈ જાય, ક્યાંક મંઝીલ હોય, ક્યાંક જઈને પછી ચાલવાનું ન હોય ત્યાં માત્ર પ્રારબ્ધવશ આ શરીર રહે ત્યાં સુધી માત્ર વિચરવાનું- વૈજનાથ કે સ્વામી સદાશિવેન્દ્રની જેમ માત્ર વિચરવાનું અથવા લોકસંગ્રહ માટે મા અન્નપૂર્ણાની જેમ પતિવ્રતા ધર્મ પાળવાનો, સ્વામી વાસુદેવાનંદ, શ્રી રંગ અવધૂતજી, શ્રી પ્રેમ અવધૂતજીની જેમ લોક સંગ્રહ માટે શેષ આયુષ્ય સદ્‌ગુરુ ભગવાનને સમર્પી પોતાનું કશું જ નથી એ ભાવે સદ્‌ગુરુ ભગવાન આ શરીરનો જેમ ઉપયોગ કરે તેમ, કાષ્ઠ પૂતળી સ્વરૂપે કરવાનો, કરવા દેવાનો હોય.

•

# (૩૦)

અધ્યાય ૧૩૬માનો ચામરતી ગામનો ક્ષૌરનો પ્રસંગ વિશિષ્ટ છે. "કાષ્ઠ પૂતળીની ગુલામી" વિશિષ્ટ છે. "દત્તાજીની સાધકે સ્વીકારી લીધેલી ગુલામી" એ ઘણી વિશિષ્ટ છે. લશ્કરી તાનાશાહની ગુલામી જેવી નથી. તાનાશાહની ગુલામીમાં તો "સન્ધૌ સર્વસ્વ હરણં વિગૃહે પ્રાણ નિગ્રહ:" તમે એની સાથે સંધિ કરો તો એ તમારું બધું હરી લે ને યુદ્ધ કરવા જાઓ તો કતલે આમ કરી નાખે. એને તો "ન સંધિ ન ચ વિગ્રહ:" સંધિ પણ કબૂલ નહીં ને વિગ્રહ પણ કબૂલ નહીં.

દત્તાજીની ગુલામી વિશિષ્ટ છે. એ ગુલામી માત્ર સાધકનું મન નિર્મળ થાય ત્યાં સુધીની જ છે. સાધકનું મન જેવું નિર્મળ થયું કે તરત જ આ દત્તાજી તેનું દાસત્વ સ્વીકારી લે છે. જેને શોધવા-પામવા આ માર્ગોની વિકટ યાત્રા કરી એ પોતે જ પછી શોધનારને શોધતો ફરે છે એ વિશિષ્ટતા છે. કબીરજી કહે છે:

"મન ઐસો નિર્મલ ભયો જૈસો ગંગા નીર
પાછે પાછે હરિ ફિરૈ કહત કબીર કબીર"

સ્વામી મહારાજે મા કૃષ્ણાને કહ્યું "આ તારો દંડ ને આ કમંડળ, મારે હવે તારું અભિમાન રાખવા મારે કોઈ કારણ

નથી.” એટલું કહેતાં જ કૃષ્ણાજીએ તાબડતોબ બધી વ્યવસ્થા કરાવી એ દૈવી ચમત્કાર નથી. એ તો આ માર્ગની પ્રવાસ પ્રક્રિયાનું અવશ્યંભાવી પરિણામ છે.

•

## (૩૧)

અધ્યાય ૧૪૩માં સ્વામી મહારાજશ્રી કુરવપુર જઇ ભગવાન શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન કરી ત્યાંના પૂજારીઓનો શૂદ્રાચાર-પૂજારીને ન શોભે તેવો આચાર જોઇ ખિન્ન થયા. એ પ્રસંગ ઘણો વિચારણીય છે.

ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના પાયાના તફાવતોમાંનો એક તફાવત શુદ્ધિ અને સ્વચ્છતાના સંકલ્પનાગત (Conceptual) તફાવતનો છે. હાર્ટનું ઓપરેશન કરવા ઓપરેશન થિયેટરમાં ઊભેલો ડૉક્ટર વૈજ્ઞાનિક દૃષ્ટિએ સો ટકા સ્વચ્છ છે, પણ શુદ્ધ નથી; એનાથી નર્મદા-ગંગા જળથી સ્નાન કર્યા વિના પૂજા ના થઇ શકે. મંદિરમાં આરતી ઊતારતો પૂજારી સો ટકા શુદ્ધ છે પણ તેને ઓપરેશન થિયેટરમાં ના પેસવા દેવાય કારણ કે એ અસ્વચ્છ છે.

ધર્મના પાલનમાં શુદ્ધિ પાયાની બાબત છે. દેહ શુદ્ધિ, મન શુદ્ધિ, સ્થાન શુદ્ધિ, સાધન શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, આચાર શુદ્ધિ.

આ બધામાં દ્રવ્ય શુદ્ધિનું મહત્ત્વ ઘણું છે. ઘરમાં આવતો પૈસો કેવો છે? પસીનાની કમાઈનો છે કે લાંચનો છે? આવક નો સ્રોત પાયાની બાબત છે. કુરવપુર આજે ઈ.સ. ૨૦૦૭માં પણ આ પૃથ્વી પરનું એક એવું સ્થાન છે, જ્યાં આજે પણ પૃથ્વીનો થોડો ભાગ, કૃષ્ણા નદી અને શ્રીપાદશ્રીવલ્લભ સિવાય કશું જ નથી. પૂજારીઓની આવક આજે પણ કુદરતી ખેતીની જ છે.

* દ્રવ્ય શુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે.

* આચારની શુદ્ધિ કરતાં દ્રવ્ય શુદ્ધિ શ્રેષ્ઠ છે. કારણ કે, કાળા નાંણાથી મન કાળું થતાં આચાર બગડે છે.

* જે માણસમાં આચાર શુદ્ધિ, મન શુદ્ધિ અને દ્રવ્ય શુદ્ધિ એ ત્રણેય હોય તે સાધક છે અને તે દેવ તુલ્ય છે. માટે આ કર્મોપાસન માર્ગના પ્રવાસીએ આ ત્રણેય ને શુદ્ધ કરવા યત્ન-પ્રયત્ન કરવો જ રહ્યો.

●

## (૩૨)

અધ્યાય ૧૪૫માં સ્વામી મહારાજશ્રીએ પૂજ્ય ગાંડા મહારાજશ્રીને જે બોધ આપ્યો તે આ માર્ગના પ્રવાસી માટે ઘણો ઉપકારક છે. પ્રત્યેકને પોતાનું પ્રારબ્ધ છે. અવધૂતજીએ

કહ્યું છે તેમ પ્રારબ્ધ માત્ર શરીરને છે. પ્રારબ્ધ માણસને ગાંડો કરી નાંખે છે. સદ્‌ગુરુ ભગવાનમાં અતૂટ શ્રદ્ધા રાખી સાધકે:

માટે પ્રારબ્ધે બને તે તે તટસ્થ આંહ્ય
થાવા દેવું, પણ તિંહા થાવું લિપ્ત ન ક્યાંય.
અભિમાને ના એહના થાય લિપ્ત નર જેહ
તે જ આત્મ સુખ ભોગવે ના એમાં સંદેહ.

આ સિદ્ધાંત છે. અહીં થયેલો પ્રારબ્ધ શબ્દનો પ્રયોગ પ્રારબ્ધવાદ ના અર્થમાં નથી. પ્રારબ્ધવાદી માણસ તો અકર્મણ્ય-આળસુ થઇ જાય. જ્યારે પ્રારબ્ધ ને સમજનાર માણસ આ જીવનને તટસ્થ ભાવે- લેપાચાં વિના સદ્‌ગુરુ ભગવાનની લીલા સ્વરૂપે જોઈને આનંદે છે. તેમાંથી સાધકની મન:સ્થિતિ (State of Mind) પર કશી અસર થતી નથી. પ્રારબ્ધવશ જે થાય તે થવા દીધું એનાથી લેપાય નહીં. આ નિર્લેપ મન: સ્થિતિનું યથાતથ નિરુપણ “અબ ખૂબ હંસો અબ ખૂબ હંસો”, આદિ ભજનોમાં થયું છે.

●

# (૩૩)

કર્મોપાસન માર્ગમાં જે ફળ પ્રાપ્તિ છે તે પણ વિલક્ષણ છે:

૧. પ્રપંચમાં પરમાર્થની પ્રાપ્તિ.

સામાન્ય રીતે પ્રપંચનો અર્થ જ પાંચ ઈન્દ્રિયોની સ્વાર્થ સાધનાનો છે.

પણ કર્મોપાસન માર્ગે જતાં પરમાર્થ એટલે કે ભગવાનના સદ્‌ગુરુ સ્વરૂપના જ્ઞાનરૂપની પ્રાપ્તિ થાય છે.

૨. પ્રવૃત્તિમાં વિના પ્રયત્ને નિવૃત્તિની પ્રાપ્તિ થાય છે. હવે પ્રયત્નની જરૂર પ્રવૃત્તિ કરવા માટે નથી કારણ કે પ્રવૃત્તિ તો માણસની કર્મેન્દ્રિયો સ્વાભાવિક રીતે જ કરે છે. કોઈક બાળકની કોઈક કર્મેન્દ્રિય પ્રવૃત્ત ન થતી હોય તો ડૉકટરને બતાવી નિદાન કરાવી ઉપચાર કરવો પડે. જ્યારે પ્રયત્નની ખરી જરૂર નિવૃત્ત થવા માટે- છૂટવા માટે છે. અનાયાસ છૂટી શકાતું નથી. કર્મોપાસન માર્ગમાં નિવૃત્તિ એટલે કે ઈન્દ્રિયોની પ્રવૃત્તિ એની મેળે છૂટી જાય છે. કેવી રીતે? જેમ કે -

પ્રભુનું જ દર્શન કરવાથી આંખ એને મેળે જ બીજું કંઈ પણ જોવાનું કામ છોડી દે છે-

૧. "જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા નહીં"
૨. "જહાં પે દેખું વહાંપે સાહેબ..."
૩. "તનકી સુધીન જિસકો..."

આદિ બધાં જ ભજનો શ્રીગુરુલીલામૃત ગ્રંથની ગાઇડ (ભોમિયા)રૂપ જ છે. એનો સમન્વય કરતા રહેવાનું કામ કરવા જેવું છે. અથવા અવધૂતી આનંદ શ્રીગુરુલીલામૃતની આડ પેદાશ (By Product) છે, એમ પણ કહી શકાય.

●

## (૩૪)

અહીં શ્રીગુરુલીલામૃત ગ્રંથના કર્મકાંડના ઉપસંહાર રૂપ અધ્યાય ૧૦૫ ને ઉપાસના કાંડના ઉપોદ્‌ઘાત સ્વરૂપે લઇ, અધ્યાય ૧૦૬ થી ૧૩૬ તથા અધ્યાય ૧૪૩ અને ૧૪૫ના નિરુપણના આધારે, ગ્રંથના પ્રયોજન રૂપ પ્રતિજ્ઞા કર્મોપાસન માર્ગ ના ૫૬ સિદ્ધાંતો વિશ્લેષણના આધારે તારવી બતાવ્યા છે.

આ સિદ્ધાંતો ગ્રંથમાં નિરૂપિત પ્રસંગોમાં તિલ-તંદુલવત્=તલ અને ચોખાની જેમ સેળભેળ રૂપે પડેલા છે. બે ત્રણ કીલો ચોખામાં સો દોઢસો ગ્રામ તલ દેખાયે ખરા ને

ન પણ દેખાય. આમ થવાનું કારણ ગ્રંથ રચનાની એક આર્ષ એવી પરિપાટી (System) છે. ભગવાન બાદરાયણ વ્યાસજીએ આ પરિપાટીની સ્થાપના કરેલી. એમણે શ્રુતિના સિદ્ધાંતો લઈ, એના આધારે પુરાણોની રચના કરી. પુરાણો દ્વારા શ્રુતિ સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા. આ પરિપાટી એટલે દ્રષ્ટાંત દ્વારા સિદ્ધાંત સમજાવવાની પરિપાટી.

અહીં ઉપાસના કાંડમાં પૂજનીય સ્વામી મહારાજશ્રીનાં જીવન અને એમણે કરેલી લીલાઓનું નિરુપણ શ્રી અવધૂતજીએ એવી રીતે કર્યું છે કે જેથી કર્મોપાસન માર્ગ નામનો એક સિદ્ધાંત (Theory) તૈયાર થાય. એ સિદ્ધાંત પછી કોઈ પણ સાધક પોતાના જીવનમાં પોતાની રીતે અથવા પૂજનીય શ્રી રંગ અવધૂત મહારાજશ્રીને ગમે એવી રીતે ઊતારી શકે. એટલે કે આ ગ્રંથમાંથી એક જીવનશૈલીનું પ્રતિમાન (Model- Paradigm) પ્રાપ્ત થાય છે. બધા જ સિદ્ધાંતો કદાચ જીવનમાં ન ઊતરે તો થોડા: “સ્વલ્પમચ્ચસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્”- (ગીતા) આ જીવનધર્મનું થોડું સરખું પાલન પણ માણસને અતિ મહાન ભય- ભવભયમાંથી તારનારું બની રહે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

●

## (૩૫)

અહીં જે કાંઇ લખ્યું છે તે લખનારે પોતાની મતિ પ્રમાણે લખ્યું છે; આમાં બધા જ સિદ્ધાંતો આવી જ ગયા છે એવું નથી; તિલ-તંદુલમાં થોડાક તલના દાણા નજરે ના પણ પડ્યા હોય એવું બને. વળી, જે સિદ્ધાંતો તારવ્યા છે એમાંના કોઇક કે કેટલાક સિદ્ધાંત ન પણ હોય, એ તલને બદલે કંઇક બીજું પણ હોય એવું બને. એનું કારણ એ છે કે, આ આખા લખાણમાં સિદ્ધાંત એટલે શું? સિદ્ધાંત તમે કોને કહો છો? એ વાત ક્યાંય કહી જ નથી. અલબત્ત, એવી સિદ્ધાંત મીમાંસા કરવા જતાં આ લખાણ નર્યું વિદ્યાકીય-પંડીતાઇ ભર્યું થઇ જવાની બીક પણ રહે છે. આ જે કાંઇ લખ્યું છે અને જેવું લખ્યું છે તેનાથી સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજશ્રી પ્રસન્ન થાય એવી પ્રાર્થના.

|| પ્રીયતાં અનેન સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગાવધૂતઃ ઇતિ ||

વલ્લભવિદ્યાનગર
ભાદ્ર કૃષ્ણ- ૧૨, ૨૦૬૩
રવિવાર, ૮-૧૦-૨૦૦૭.

●

# શરણભાવ

શરણાગતને વજ્રપંજરસમ ગુરુ નિર્ધાર,
સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.

•

શરણભાવે થતાં ના રહે ત્યાં કથા,
દુઃખની હે તતા ! બ્રીદ તારું,
કેમ ભૂલી દમે ? ભક્તજન આ સમે,
કાં ઉપેક્ષા ગમે ? દૈવ મારું !

•

જો જાકી શરણ લીએ તાકી રાખે લાજ
ઉલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાજ

•

આન પડા નાથ ! દરપે શરણમેં લિજિયેજી,
નામપતિતપાવન સુન તુમરો આયા દરસ ભિકારી,
અબ તો નાથ ! દેર ન કીજે
બીતી ગઈ ઉમરી સારી, દયા અબ કીજિયેજી.

•

# અશરણ શરણ

(રાગ : દેશ, તાલ : દાદરા)

અબ મેં કહાં જાઉં શરણ છોડ ચરણ તોરે. ટેક.

ઘર દુવાર કોઉ નાહીં, ભ્રાત બિરાદર નાહીં;
નાતગોત સર્વ તુંહી માઈ બાપ મોરે. અબ૦ ૧

નામસૂન દૌડ આયો, પતિતપાવન મન ભાયો;
સાંવરી સૂરત દેખ ધાયો, દોઉ કર જોરે. અબ૦ ૨

તૂં પિયા મૈં તેરી દુલહન અશરણશરણ મનમોહન;
લજ્જા તોકુ ભવભંજન, માર તાર ઓ રે ! અબ૦ ૩

દિવસ રૈન ચૈન નહીં, સ્વપ્નછબી તૂંહી સહી;
છટક છટક જાય કહીં ? કબ લૌં દિલ ચોરે ? અબ૦ ૪

છોડ છાંડ લોકલાજ, મત્ત ભય મિલનકાજ;
ધૂલ પડી જગતતાજ, દરસ પાય તોરે ! અબ૦ ૫

કોઉ કહે નફટ ભઈ, લાજ માઝ અટક ગઈ;
મૈં પિયા તેરી ભઈ, ભેદભાવ છોરે ! અબ૦ ૬

ઘૂંઘટ દૂર ફેંક દિયો; હાથમેં હાથ લીયો;
રંગ રૂપ એક ભયો; કોઉ કાંહી બોલે !! અબ૦ ૭

રંગ અવધૂત
(ભરૂચ તા. ૧૫-૮-૧૯૨૮)